# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# 12 YEARS OF PM MODI GOVT

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં “12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના” અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે થરાદના લુણાવા ગામમાં પ્રગતિપથ યાત્રાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે સિંચાઈ અને પાણીની સુવિધા માટે કરાયેલી કરોડો રૂપિયાની જોગવાઈથી ખેડૂતો સમૃદ્ધ થયા હોવાનો ઉલ્લેખ કર્યો.

**(BYTE: RUSHIKESH PATEL, PRABHARI MANTRI, BANASKANTHA)**

ભાવનગરમાં ભાજપ દ્વારા શહેરના પ્રત્યેક વોર્ડના વિવિધ સ્થળ પર સ્વચ્છતા સેવા કરવામાં આવી. તમામ લોકોએ શહેરની સુંદરતામાં વધારો કરવામાં યોગદાન આપ્યું. સાથે જ પ્રગતિપથ યાત્રામાં જિલ્લાના વિકાસકાર્યો અને જાહેર સુવિધા કેન્દ્રોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

શ્રમ અને રોજગાર રાજ્યમાંત્રી કાંતિલાલ અમૃતિયાએ કચ્છના ભુજમાં સરહદ સુરક્ષા દળ - BSF 176 બટાલિયન ખાતે વૃક્ષારોપણ કરીને વન કવચ નિર્માણનો શુભારંભ કરાવ્યો. 30 હજારથી વૃક્ષો વાવીને વનકવચનું નિર્માણ કરાશે.

# ARAVALLI ARMY CANTEEN

અરવલ્લી જિલ્લામાં ગત 12 વર્ષમાં રેલવે માળખાનું વિસ્તરણ કરવામાં કેન્દ્ર સરકારનો અમૂલ્ય ફાળો રહ્યો છે. આ અંગે સાબરકાંઠા-અરવલ્લીનાં સાંસદ શોભના બારૈયાએ અરવલ્લીમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું, કે, વિવિધ સ્થળ પર અંડરપાસ બનાવવા, બાયડ રેલવેમથકને ડી-માંથી બી ગ્રેડમાં ફેરવવા, BSNLના ટાવરની મંજૂરી સહિત આર્મી કેન્ટીનને મંજૂરી અપાઈ છે.

(BYTE: SHOBHANABEN BARAIYA, MP, SABARKANTHA-ARAVALLI)

# AHMEDABAD NEET

અમદાવાદ સાયબર ગુના શાખાએ NEET પેપર લીક મામલે 2 જ્યારે NEETની પરીક્ષાના રિફંડ મામલે છેતરપિંડી કરતા એક આરોપીની ધરપકડ કરી છે. રાજસ્થાનથી પકડાયેલા બે આરોપીઓ સોશિયલ મીડિયા પર ચેનલ ચલાવી NEET નું પેપર વેચતા હતા. જ્યારે બિહારથી પકડાયેલો આરોપી NEET ના રિફંડના નામે છેતરપિંડી કરતો હતો.

અમદાવાદ ગુના શાખાના JCPએ જણાવ્યું કે પકડાયેલા આરોપીએ પેપર લીક નથી કર્યા,આરોપીઓએ સોશિયલ મીડિયા મારફતે જાહેરાત કરી હતી કે તેમની પાસે ફરીથી લેવાનાર નીટ પરીક્ષાનું પેપર છે. આરોપીઓએ ગ્રૂપમાં નાખેલા મેસેજ જોઈને વાલીઓ અને વિદ્યાર્થીઓએ NEET નું પેપર ખરીદવા સંપર્ક કર્યો હતો. લગભગ એક  હજારથી વધુ લોકોએ NEETનું પેપર લેવા આરોપીને પૈસા આપ્યા છે. તપાસ બાદ આરોપીના બેંક એકાઉન્ટમાંથી દોઢ કરોડ રૂપિયાના વ્યવહાર મળી આવ્યા.

# MAHESANA MASALA TRAIN

મહેસાણા જિલ્લાના ઊંઝા રેલવે મથકેથી આસામના અઝારા માટે મસાલા ભરેલી પાર્સલ સ્પેશિયલ ટ્રેન આજે રવાના થઈ. આ ટ્રેનથી ઊંઝાના પ્રખ્યાત મસાલા પૂર્વ ભારત સુધી વધુ ઝડપી સુરક્ષિત અને સરળતાથી પહોંચશે. આ સુવિધાથી પરિવહન ખર્ચ ઘટશે અને વેપારીઓને માલ મોકલવામાં સરળતા રહેશે. આ પ્રસંગે માર્કેટયાર્ડના અધ્યક્ષ દિનેશ પટેલ તેમજ રેલવેના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# CHHOTAUDEPUR PLANTATION

છોટાઉદેપુર જિલ્લામાં “હરિયાળું છોટાઉદેપુર” અભિયાન હેઠળ આજે મેગા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. વાઘસ્થળ ડુંગરની તળેટીમાં રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી તેમજ જિલ્લા પ્રભારી મંત્રી મનિષા વકીલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના વિકાસ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ અપાયો. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા સમગ્ર જિલ્લામાં વર્ષ દરમિયાન 12 લાખ વૃક્ષોના વાવેતર અને તેના જતનનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે આજે જિલ્લામાં એક જ દિવસમાં અંદાજે 1 લાખ 20 હજાર વૃક્ષોનું વાવેતર કરાયું છે.

# DAMAN YOG DAY

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીને લઈને સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય તટરક્ષક દ્વારા વિશાળ યોગ સત્રનું આયોજન કરાયું. સત્ર દરમિયાન યોગાસન, પ્રાણાયામ, શ્વાસ સંબંધિત યોગ ક્રિયાઓ, ધ્યાન અને માનસિક શાંતિ માટેની વિવિધ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન અપાયું. યોગ દ્વારા શરીર અને મનને સ્વસ્થ રાખવાની સાથે તણાવમુક્ત જીવન જીવવા માટેના ઉપાયો પણ સમજાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તટરક્ષકના અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો સહિત 500થી વધુ લોકોએ ભાગ લીધો.

# AHMEDABAD SANMAN

અમદાવાદના વેજલપુર ખાતે સમસ્ત વણકર સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ધોરણ 10 અને 12ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો. DIG મકરંદ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારંભમાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 70 ટકાથી વધુ ગુણ લાવનાર 35 વિદ્યાર્થીઓ અને ધોરણ 10માં 80 ટકાથી વધુ ગુણ લાવનાર 125 વિદ્યાર્થીઓનું સન્માન કરાયું. આ ઉપરાંત વિવિધ વિષય પર પીએચડી કરનાર અને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર 10 વિદ્યાર્થીઓનું પણ સન્માન કરાયું હતું.